## (1) ઈન્દ્ર-2020ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) ઈન્દ્ર કવાયત એ ભારત અને રશિયા વચ્ચે આયોજિત કરવામાં આવે છે.

(2) વર્ષ 2020માં તેનું આયોજન એ અંડમાન અને નિકોબાર દ્વીપ સમૂહ પાસે કરવામાં આવશે.

(3) ઈન્દ્રનું આયોજન એ દ્વિવાર્ષિક ધોરણે કરવામાં આવે છે.

(4) આ એક નૌસેના કવાયત છે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (3)

(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ ભારત–રશિયા નૌસેના એ અંડમાન–નિકોબાર સમૂહની પાસે દ્વિપક્ષીય નૌ–સેના અભ્યાસ ઈન્દ્ર–2020નું આયોજન કરશે.

⇛ આ સૈન્ય અભ્યાસની શરૂઆત વર્ષ 2003માં કરવામાં આવી હતી અને તેનું આયોજન દ્વિવાર્ષિક ધોરણે કરવામાં આવે છે.

⇛ 4 અને 5 સપ્ટેમ્બર, 2020ના આયોજિત થનારી આ કવાયત અંતર્ગત રશિયાની નૌસેના દ્વારા 3 નૌસૈનિક જહાજ ભાગ લેશે જ્યારે ભારત તરફથી નૌસેનાના જહાજો અને વિમાનો દ્વારા ભાગ લેવામાં આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) "સમીક્ષા અરજી' (Review Petition)ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) ભારતીય બંધારણના અનુચ્છેદ 137 મુજબ સુપ્રીમ કોર્ટને પોતાના કોઈપણ નિર્ણય કે આદેશની સમીક્ષા કરવાની સત્તા પ્રાપ્ત છે.
(2) સમીક્ષા અરજી એ એક પ્રકારની અપીલ છે.
(3) ન્યાયાલય દ્વારા નિર્ણય આપ્યાના 30 દિવસની અંદર તેને દાખલ કરવી જરૂરી છે.
(4) સમીક્ષા અરજીઓની સુનવણી વકીલોની મૌખિક દલીલ વિના કરવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2) અને (3) (D) આપેલ તમામ

⇒ જવાબ :- B

**સમજૂતી :**

⇒ ભારતીય બંધારણના અનુચ્છેદ 137 મુજબ સુપ્રીમ કોર્ટને પોતાના કોઈપણ નિર્ણય પર સમીક્ષા કરવાની સત્તા આપવામાં આવેલી છે. આવી છૂટ ત્યારે આપવામાં આવે છે જ્યારે ન્યાયાલય દ્વારા કોઈ નિર્ણયમાં ભયાવહ ચૂક કે અસ્પષ્ટતાની સ્થિતિ ઉત્પન્ન થઈ હોય.

⇒ સમીક્ષાને એક અપીલ તરીકે માનવામાં આવતી નથી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ નાગરિક પ્રક્રિયા સંહિતા અને સુપ્રીમ કોર્ટના નિયમો અનુસાર કોઈપણ વ્યકિત જે નિર્ણયથી અસંતુષ્ટ હોય તે સમીક્ષા અરજી દાખલ કરી શકે છે.

⇒ નિર્ણય આવ્યાના 30 દિવસની અંદર સમીક્ષા અરજી દાખલ કરવાની રહે છે. અમુક કિસ્સાઓમાં આ સમય સીમા અંતર્ગત કોર્ટ દ્વારા માફી પણ આપવામાં આવે છે.

⇒ ન્યાયાલયના નિયમો અનુસાર "સમીક્ષા અરજીની સુનવણી એ વકીલોની મૌખિક દલીલો વિના કરવામાં આવશે." તેની સુનવણી ન્યાયાધીશો દ્વારા તેમના ચેમ્બરોમાં પણ કરી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) આત્મહત્યા અને દુર્ઘટનાને કારણે થયેલ મૃત્યુ પર તાજેતરમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો તેના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) દેશમાં પુરુષોની સરખામણીએ મહિલાઓમાં આત્મહત્યાનું પ્રમાણ વધારે છે.

(2) બેરોજગાર વ્યકિતઓ દ્વારા કરવામાં આવેલ આત્મહત્યા સૌથી વધુ કેરલમાં છે.

(3) અખિલ ભારતની સરેરાશ આત્મહત્યાના પ્રમાણમાં શહેરોમાં તેનું પ્રમાણ વધું છે.

(4) દુર્ઘટનાને કારણે થયેલ મૃત્યુનું સૌથી વધુ પ્રમાણ એ મહારાષ્ટ્રમાં જોવા મળ્યું છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા આત્મહત્યા અને દુર્ઘટનાના કારણે થયેલ મૃત્યુઓ પર એક રિપોર્ટ જાહેર કર્યો છે.

⇒ રિપોર્ટ અનુસાર વર્ષ 2018ની સરખામણીમાં આત્મહત્યા અને દુર્ઘટનાથી થયેલ મૃત્યુની સંખ્યામાં વધારો થયો છે.

⇒ કુલ આત્મહત્યાના કિસ્સાઓ મહિલાઓની સરખામણીએ પુરુષોમાં વધારે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ બેરોજગાર વ્યકિતઓ દ્વારા સૌથી વધુ આત્મહત્યા કેરલમાં (14%) નોંધાયી હતી. તેના પછી મહારાષ્ટ્ર (10.8%), તમિલનાડુ (9.8%), કર્ણાટક (9.2%) અને ઓડિશા (6.2%)નો ક્રમ છે.

⇒ શહેરોમાં આત્મહત્યાનો દર (13.9%) અખિલ ભારતીય સરેરાશની સરખામણીમાં વધુ છે.

⇒ દેશમાં દુર્ઘટનાને કારણે થયેલ મૃત્યુમાં 2.3%નો વધારો નોંધવામાં આવ્યો હતો.

⇒ દુર્ઘટનાને કારણે મહારાષ્ટ્રમાં સૌથી વધુ મૃત્યુ (70,329) નોંધવામાં આવી હતી. જે કુલ સંખ્યાની છઠ્ઠા ભાગની છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) ‘‘ઓપરેશન ટ્વીસ્ટ’’ સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) ઓપરેશન ટ્વીસ્ટનું સંચાલન એ સેબી (SEBI) દ્વારા કરવામાં આવે છે.

(2) તેના અંતર્ગત ઓપન માર્કેટ ઓપરેશન્સના માધ્યમથી ટૂંકાગાળાની જામીનગીરી એકસાથે વેચવામાં આવે છે અને લાંબાગાળાની જામીનગીરી ખરીદવામાં આવે છે.

(3) લાંબાગાળાની જામીનગીરીઓ ખરીદવાને કારણે તેની માંગ વધે છે અને તેની કિંમતોમાં વધારો થાય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા બેંકો પર તરલતાનું દબાણ તથા બોન્ડ યીલ્ડને સંતુલિત કરવા ઓપરેશન ટ્વીસ્ટ અંતર્ગત રૂ. 20000 કરોડની કુલ નાણાકીય પગલાની ઘોષણા કરી છે.

⇛ ઓપરેશન ટ્વીસ્ટનું સંચાલન એ RBI દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ઓપરેશન ટ્વીસ્ટ અંતર્ગત RBI એ ઓપન માર્કેટ ઓપરેશન્સના માધ્યમથી એકસાથે ટૂંકાગાળાની જામીનગીરીઓનું વેચાણ તથા લાંબાગાળાની જામીનગીરીઓને ખરીદે છે.

⇛ આ ઓપરેશનમાં જેમ RBI લાંબાગાળાની (બોન્ડ) ખરીદે છે, તેની માંગ વધે છે અને તેની કિંમતોમાં પણ વધારો થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(5) ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-2020ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો ખોટા છે ?**

(1) આ અધિનિયમ દ્વારા સ્પેશિયલ કોર્ટની રચના કરવામાં આવશે જે 1 વર્ષમાં કેસનો નિકાલ કરશે.

(2) અધિનિયમ દ્વારા ભૂ–માફિયાઓને 10-14 વર્ષની કેદની જોગવાઈ કરવામાં આવી છે.

(3) એક્ટ મુજબ ભૂ–માફિયાઓ પાસેથી જમીનની જંત્રીથી અડધા ભાગનો દંડ વસુલવામાં આવશે.

(4) ભૂ–માફિયાઓના કિસ્સાની તપાસ એ પોલીસ કમિશનર કક્ષાના અધિકારી કરશે.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં 'ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ''ને મંજૂરી આપવામાં આવી હતી.

⇛ એક્ટ મુજબ રાજ્યમાં સરકારી, સ્થાનિક સ્વરાજની સંસ્થા, જાહેર ટ્રસ્ટ, ખેડૂતોની ખાનગી જમીનને પચાવી પાડનાર સામે ગુનો દાખલ કરવામાં આવશે.

⇛ આ સાથે જ ભૂ–માફિયાઓને 10-14 વર્ષની કેદની સજાની જોગવાઈ છે અને જમીનની જંત્રી જેટલો દંડ તેમની પાસેથી વસુલવામાં આવશે.

⇛ એક્ટ અંતર્ગતના કેસોના નિકાલ માટે સ્પેશ્યલ કોર્ટની રચના કરવામાં આવી છે જે 6 મહિનાની અંદર કેસનું સમાધાન કરશે.

⇛ આ ઉપરાંત લેંડ ગ્રેબર પર બર્ડન ઓફ પ્રુફની જવાબદારી રહેશે અને તેના સામેના ગુનાની તપાસ Dy.SP કક્ષાના અધિકારીઓ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT